# <u>ફોજદારી કેસ નં.૬૨૯૭૩/૧૭</u>

# <u>:: આંક : ૧ નીચે હુકમ ::</u>

(૧) બંન્ને પક્ષોની વિનંતીથી સદર કેસ આજરોજ લોકઅદાલતમાં મેજીસ્ટ્રેટના સ્પે.સીટીંગમાં નિર્ણયાર્થે લેવામાં આવેલ છે.

ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી/ઓએ સંબધિત કંપની એક્ટ ૧૯૫૬/૨૦૧૩, કલમ-૧૩૭ મુજબનો ગુનો કરેલ છે. બંન્ને પક્ષકારો મુજબ કંપની દ્વારા સમયમર્યાદામાં ફાઈનાંન્સીયલ સ્ટેટમેન્ટ નહી ભરવા બાબતે **૬૧૦** દિવસ વિલંબ થયાનો આક્ષેપ છે.

કંપની પ્રોસીક્યુટર તરફે કબુલાત પુરશીશ પરત્વે આરોપીપક્ષને યોગ્ય દંડ/સજા કરવા રજુઆત કરેલી છે.

(૨) આરોપીપક્ષ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીપક્ષને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીપક્ષની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીપક્ષે પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરી કબૂલાત પુરસીસ આપેલ છે. આરોપીપક્ષે ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ પોતાનાથી અજાણતા, ઈરાદા સિવાય, રોજબરોજની કામગીરીમાં, કંપનીની નબળી નાંણાકીય સ્થિતીના લીધે આવા પ્રકારનો ગુનો પ્રથમવાર ગુનો થયાનું જણાવેલ હોય અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપેલ છે. આરોપીપક્ષે ગુનાનો એકરાર કરેલ હોય, સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીપક્ષે જણાવેલ છે કે, <u>ન્યાયમૂર્તિ ડો. જે. એન.ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)</u>ના ચુકાદામાં યોગ્ય અને ખાસ કારણો હોય તો ન્યુનતમથી ઓછી સજા કરી શકાય તેવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે.આ સિવાય પણ રજુઆત કરેલ છે કે, (૨૦૧૫)૩૮ જી.એચ.જે ૩૫૪(સ્ટેટ ઓફ ગુજરાત વિ.રાજેશકુમાર રતનલાલ સીંધી)માં જુગાર ધારા ક.૪ ના કેસમાં લઘુત્તમથી ઓછો દંડ કરવાનો હુકમ થયેલ, તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર.૯૭૪(રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ.સ્ટેટ ઓફ ગુજરાત), ૨૦૦૭(૨)) જી.એલ.એચ. ૧૫૪ (ગુરૂમુખદાસ ટોપણદાસ વિ. ગુજરાત રાજય)ના કેસમાં પણ લઘુત્તમથી ઓછી સજા કરવાના સિધ્ધાંત સ્થાપિત થયેલ છે. જેનો લાભ આપવા અરજ કરેલ છે.

વધુમાં રજુઆત છે કે, સદર ગુનો સમન્સ ટ્રાયલથી ચાલવાપાત્ર, સમાધાનલાયક છે. વધુમાં આરોપીપક્ષે રજુઆત કરેલ છે કે, હાલમાં નબળી નાણાંકીય પરિસ્થિતીના લીધે કંપની બંધ થયેલી છે કે કંપનીની કામગીરી નહિવત થઈ ગયેલ છે જેથી કંપની બંધ થવાના આરે છે. વધુમાં રજુઆત કરેલ છે કે, જે તે સમયે ખોટી સલાહ મળવાના લીધે આ ગુનો થયેલ છે અને તેથી આરોપીપક્ષને કોઈ નાંણાકીય લાભ મળેલ નથી કે સરકારશ્રીને કોઈ રેવન્યુ લોસ થયેલ નથી. વધુમાં રજુઆત છે કે, જો ઘણાબધા દિવસનો વિલંબ ગણી મોટો દંડ કરવામાં આવે તો આરોપીની આર્થિક સ્થિતી વધુ વિકટ બને તેમ છે અને કાયદાને માન આપવાની વૃત્તિ બતાવી બાકી રીટર્ન કે કામગીરી પુર્ણ કરેલ છે અને છતા બાકી હોય તો તેઓ પુર્ણ કરવા તૈયાર છે. વધુમાં રજુઆત છે કે, નવા કંપની ધારાની કલમ-૪૪૬ એ મુજબ દંડ/સજા નક્કી કરતા સમયે **size of the company, nature of business carried on by the company, injury to public interest, nature of the default, repetition of the default** ધ્યાને લેવુ જોઈએ. વધુમાં રજુઆત કરેલ છે કે, કલમ-૪૪૬બી મુજબ એક વ્યકિતની કંપની કે સ્મોલ કંપનીના કેસમાં ક.૯૨(૫), ૧૧૭(૨), ૧૧૭(૩), ૧૩૭(૨) મુજબ આપવામાં આવેલ સજા/દંડની જોગવાઈથી ૧/૨ સજા/દંડ અદાલત કરી શકે છે તેવા પ્રબંધ કરેલા છે. વધુમાં રજુઆત છે કે, કલમ-૪૪૧(૩)(સી) ના પ્રબંધો મુજબ ગુનો સં

બધિત સત્તાધિકારી સમક્ષ સમાધાન કરવામાં આવેલ હોય તો આરોપી સામે ફરીયાદ દાખલ કરી શકાય નહી અને જો ફરીયાદ દાખલ કરેલ હોય તો કલમ-૪૪૧(૩) (ડી) મુજબ તેમાં સમાધાનના હુકમની હકીકત જણાયેથી આરોપીપક્ષને ડીસ્ચાર્જ કરવાના પ્રબંધ કરેલા છે. વધુમાં રજુઆત કરેલ છે કે, કોઈપણ લેજીસ્લેશન "Benevolent" હોય છે એટલે કે ગુનાની ગંભીરતા પાછળથી પાર્લામેન્ટ દ્વારા ઘટાડવામાં આવેલ હોય તો "Retroactive" રીતે તેઓ આરોપીપક્ષને લાભ મળવાપાત્ર છે. આ બાબતે તેઓએ નામ.સુપ્રિમ કોર્ટના Trilok Chand Vs. State of Himachal Pradesh, Cri.App.No.1831/10, Dt.01.10.19 ના ચુકાદા પર આધાર રાખેલ છે. જેમાં પણ નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આરોપીપક્ષની દલીલો મુજબનો વ્યુ લીધેલ હતો. જે હકીકત પ્રસ્તુત બને છે. વધુમાં રજુઆત કરેલી છે કે, કંપની એક્ટની ક.૧૩૭ માં Companies (Amendment) Act, 2020, w.e.f.Dt.21.12.2020 થી અમલમાં આવતા કંપનીને લઘુત્તમ રૂા.૧૦,૦૦૦/- તથા દરેક દિવસના ડીલે પેટે લઘુત્તમ રૂા.૧૦૦/-લેખે પેનલ્ટી કરવાના જેમાં મહત્તમ દંડ રૂા.૨,૦૦,૦૦૦/- ના પ્રબંધો કરેલા છે. આજરીત દરેક ડીરેક્ટરને પણ લઘુત્તમ રૂા.૧૦,૦૦૦/- તથા દરેક દિવસના ડીલે પેટે લઘુત્તમ રૂા.૧૦૦/-લેખે પેનલ્ટી લેખે પેનલ્ટી કરવાના જેમાં મહત્તમ દંડ રૂા.૫૦,૦૦૦/- ના પ્રબંધો કરેલા છે. વધુમાં રજુઆત કરેલ છે કે, કંપનીના ડીરેક્ટરને રૂા.૧,૦૦૦/- થી વધુ રકમનો દંડ કરવામાં આવે તો તેઓ કેટલાક સમય માટે એમ.ડી.બનવામાંથી ગેરલાયક ઠરે તેવા પ્રબંધો હોય અને અગાઉના અન્ય કેસોમાં પણ આ રીતે લાભ અપાયેલ હોય જેથી કંપનીને વધુ દંડ કરી પ્રમાણસર ડીરેક્ટરને પોતે વેપાર કરી શકે માટે તે મુજબ ઓછો દંડ કરવા અરજ કરેલ છે.જે અરજ સામે કંપની પ્રોસીક્યુટરે રજુઆત કરેલી છે કે, જ્યારે ગુનો દાખલ થયેલ ત્યારે Companies (Amendment) Act, 2020, w.e.f.Dt.21.12.2020 અસ્તિત્વમાં ન હતો જેથી તેનો લાભ હાલના કેસમાં આરોપીને મળી શકે નહિ અને જેથી અગાઉના કાયદા મુજબ લઘુતમ રૂા.૧,૦૦,૦૦/- દંડ કરવા રજુઆત કરેલી છે. વધુમાં સદર કંપની સ્મોલ કંપનીની વ્યાખ્યામાં આવે છે કે કેમ તે વિશે કોઈ ઉલ્લેખ કરેલ નથી. આરોપીપક્ષે આથી વિરૂધ્ધ તેમણે જણાવેલ દલીલો ધ્યાને લઈ લોકઅદાલતનો ઉદ્દેશ ધ્યાને લઈ લોકઅદાલતમાં મળવાપાત્ર મહતમ લાભ અપાવવા અરજ કરેલી છે.

(૩) ઉપરોકત તમામ હકીકત, નામ.હાઈકોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંત, કંપની એક્ટના પ્રબંધો ધ્યાને હાલનો કેસ ઉપરોકત હકીકતોએ ઉપરોકત દલીલો મુજબના ખાસ અને પુરતા કારણો હોય તે મુજબ ધ્યાને લેતા સદર કેસ ફકત દંડ કરી ફેસલ કરવામાં આવે તો તે ન્યાયોચિત જણાઈ આવે છે. વધુમાં લઘુતમ દશ હજાર કરતા ઓછો દંડ કરવો વાજબી જણાઈ આવતો નથી. પરંતુ આરોપીપક્ષની દલીલ કે જ્યારે પાર્લામેન્ટ દ્વારા સજાની જોગવાઈઓમાં ઘટાડો કરેલ હોય તો તેનો લાભ મળવાપાત્ર હોવાની હકીકત તેઓ પક્ષે જણાવેલ Trilok Chand Vs. State of Himachal Pradesh, Cri.App.No.1831/10, Dt.01.10.19 ના ઉપરથી જણાઈ આવે છે. અગાઉ લોકઅદાલતમાં પણ મેજિસ્ટ્રેટની સ્પેશિયલ સિટીંગમાં આ જ રીતે દંડની રકમ ગણવામાં આવેલી છે જેથી હાલના કેસમાં પણ ઉપરોકત હકીકતોએ તમામ કેસમાં સજામાં એકરૂપતા જળવાઈ રહે તે યોગ્ય જણાઈ આવે છે. જેથી ન્યાયના વિશાળ હીતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

<u>-:હુકમ:-</u>

૧) આરોપીપક્ષને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ કંપની એક્ટની ઉપરોકત ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) કંપની એક્ટની કલમ-૧૩૭ ના સદર ગુના સબબ, આરોપી નં.૧ કંપનીને <u>રૂા.૧૦,૦૦૦/-</u> નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જ્યારે કંપનીના ડીરેક્ટર એવા આરોપી નં.૨ થી ૪ દરેકને <u>રૂા.૧૦,૦૦૦/-</u> નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ સિવાય આરોપી નં.૧ કંપનીને પ્રત્યેક દિવસના વિલંબ પેટે <u>રૂા.૫૦</u> લેખે <u>કુલ-૬૧૦</u> દિવસના

વિલંબ પેટે રૂા.૩૦,૫૦૦/– નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો તેઓને એક માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આમ, આરોપી નં.૧ કંપનીએ કુલ રૂા.૪૦,૫૦૦/– તથા આરોપી નં.ર થી ૪ દરેકને રૂા.૧૦,૦૦૦/– દંડ ભરપાઈ કરવાનો રહેશે. **(કુલ દંડ રૂા.૭૦,૫૦૦/–)**

૩) આ કામે કંપની એકટની કલમ–૪૪૬ અન્વયે ફરીયાદપક્ષને થયેલ ખર્ચ પેટે વસુલ થયેલ દંડમાં થી રૂા.ર૦૦૦/– ફરીયાદપક્ષને રીફંડ વાઉચર નિયમોનુસાર બનાવીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪) આરોપપક્ષને સદર કેસમાંનુ આક્ષેપિત રીટર્ન ભરવાનું કે કામગીરી બાકી હોય તો સદર હુકમથી દિન–૩૦ માં તે પુર્ણ કરવાનું રહેશે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૩/ર૦ર૪.
અમદાવાદ.(લો.અ.–સ્પે.સીટીંગ)

**(સનત જયંતિલાલ પંચાલ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ.
(જી.જે.૦૦૮૬૪)